# 8

પશુપાલન પ્રભાગ માટે બજેટમાં જોગવાઇ

* 15/4/237:શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન — જવાબ

૧ પશુપાલન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

| નાણાકીય વર્ષ | બજેટમાં જોગવાઈ(રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૮૪૬૦.૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૩૯૦૬.૩૨ |

૨ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

| વર્ષ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ પૈકી ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૯૬૦૫.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૬૨૦૧.૦૧ |

3 ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

| વર્ષ | ઉક્ત ફાળવેલ રકમ પૈકી | |
|---|---|---|
| | રકમ વપરાઈ (રૂ. લાખમાં) | રકમ વણવપરાયેલ રહી. (રૂ. લાખમાં) |
| ૨૦૨૧-૨૨ | ૭૭૩૨૨.૨૨ | ૨૨૮૩.૨૮ |
| ૨૦૨૨-૨૩ | ૯૬૦૩૯.૫૭ | ૧૦૧૬૧.૪૪ |

રકમ વણવપરાયેલ રહેવાના કારણો

વર્ષ : ૨૦૨૧-૨૨

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હેઠળની ;ગૌશાળા-પાંજરાપોળનાં આધુનિકરણની યોજનાનો અમલ ન થઈ શકતા તેમજ અન્ય યોજનાઓ હેઠળ કેટલાક લાભાર્થીઓ દ્વારા કામગીરી પૂર્ણ કરી સહાય માટે દાવા રજુ ન કરેલ હોવાનાં કારણોસર, કામધેનુ યુનિવર્સિટી હેઠળની યોજનાઓમાં કર્મચારી-અધિકારીઓના સંદર્ભે સાતમા પગારપંચનું અમલીકરણ ન થવાના કારણે તે પ્રમાણે ચૂકવણું ન કરી શકતા તથા વિવિધ સંવર્ગની મહેકમની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર અને વેટરનરી કૉલેજ હિંમતનગરનું બાંધકામ વિલંબથી શરૂ થવાના કારણે તથા સાતમા પગારપંચ મુજબ ચુકવવણા ન થવાના કારણોરાર અને સુચિત મોંઘવારી ભથ્થુ ન ચુકવી

શકવાના કારણે બચત રહેતા તેમજ પશુપાલન ખાતા અંતર્ગત વિવિધ યોજનાઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર અને પશુસંવર્ધન ફાર્મની કન્ટીજન્સી ખર્ચ ન થવાના કારણોસર, મશીનરી/સાધનોની ખરીદી ન થઈ શકવાને કારણે, લાભાર્થી દ્વારા યોજનાની શરતો અને બોલીઓ મુજબ સમયમર્યાદામાં યોજનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ ન હોવાના કારણોસર, કોવીડ-૧૯ ના કારણોસર પશુપાલન શિબિરોનું આયોજન ન થયેલ હોવાથી અને કોવીડ-૧૯ના કારણોસર તરણેતર મેળાનું આયોજન ના થવાથી પશુ પ્રદર્શન ન યોજાયેલ હોવાના કારણોસર, આઉટસોર્સ સેવા અંગેનો અને કચેરીનો ખર્ચ ઓછો થવાથી, ભારત સરકારની યોજનામાં અગાઉની વણવપરાયેલ ગ્રાંટ પરત કરવાની મંજુરી ન મળેલ હોવાના કારણોસર જેવા વિવિધ કારણોસર કુલ રૂ. ૨૨૮૩.૨૮ લાખ વણવપરાયેલ રહેલ છે.

વર્ષ-૨૦૨૨-૨૩

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હેઠળ રૂ. ૫૫૦.૦૦ કરોડની જોગવાઈ સાથેની બે નવી યોજનાઓનું અમલીકરણ નાણાકીય વર્ષના છેલ્લા બે ત્રિમાસિક સમયગાળામાં થયેલ હોવાથી તેમજ અન્ય યોજનાઓ હેઠળ કેટલાક લાભાર્થીઓ દ્વારા કામગીરી પૂર્ણ કરી સહાય માટે દાવા રજુ ન કરેલ હોવાનાં કારણોસર, કામધેનુ યુનિવર્સિટી હેઠળની યોજનાઓમાં કર્મચારી-અધિકારીઓના સંદર્ભે સાતમા પગારપંચનું અમલીકરણ ન થવાના કારણે તે પ્રમાણે ચૂકવણું ન કરી શકતા તથા વિવિધ સંવર્ગની મહેકમની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણોસર, તેમજ પશુપાલન ખાતા અંતર્ગત વિવિધ યોજનાઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર, લાભાર્થી દ્વારા યોજનાની શરતો અને બોલીઓ મુજબ સમયમર્યાદામાં યોજનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ ન હોવાના કારણોસર, આઉટસોર્સ મેનપાવર, મોટરવાહન અને મશીનરી/સાધનો અંગે ઓછો ખર્ચ થવાને કારણે, લમ્પી સ્કીન ડીસીઝ રોગચાળાના કારણે તરણેતર મેળાનું આયોજન ન થતા પશુ પ્રદર્શન ન યોજાયેલ હોવાના કારણોસર જેવા વિવિધ કારણોસર કુલ રૂ. ૧૦૧૬૧.૪૪ લાખ વણવપરાયેલ રહેલ છે.